# THE CONSTITUTION OF JAMAAT-E-ISLAMI HIND

# જમાઅતે ઇસ્લામી હિંદનું બંધારણ

(જુલાઈ ૨૦૧૭ સુધી સુધારા સહિત)

અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# જમાઅતે ઇસ્લામી હિંદનું બંધારણ

## ભાગ–૧

## અકીદો (આસ્થા), ઉદ્દેશ્ય અને કાર્યપદ્ધતિ

### — નામ —

**કલમ–૧**

આ સંગઠનનું નામ "જમાઅતે ઈસ્લામી હિંદ" અને આ બંધારણનું નામ "જમાઅતે ઈસ્લામી હિંદનું બંધારણ" રહેશે.

### — લાગુ પડવાની તારીખ —

**કલમ–૨**

આ બંધારણ ૧ રમઝાન, હિ. ૧૩૭૫ મુજબ તા. ૧૩ એપ્રિલ, ૧૯૫૬થી લાગુ થશે.

### — અકીદો (આસ્થા) —

**કલમ–3**

જમાઅતે ઈસ્લામી હિંદનો મૂળભૂત અકીદો (આસ્થા) **"લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્ રસૂલુલ્લાહ"** છે, અર્થાત્ ઇલાહ (બંદગીને લાયક) માત્ર અલ્લાહ છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, અને મુહમ્મદ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ્) અલ્લાહના રસૂલ (પયગમ્બર) છે.

**સમજૂતીઃ** આ અકીદા (આસ્થા)નો પ્રથમ ભાગ, એટલે કે અલ્લાહત્આલાના એક માત્ર ઇલાહ હોવા અને બીજા કોઈના ઇલાહ ન હોવાનો અર્થ એ છે કે તે જ અલ્લાહ આપણા સૌ મનુષ્યોનો વાસ્તવિક ઉપાસ્ય અને "હાકિમે-તશ્રિઈ" (નિયમ અને કાનૂન બનાવવાવાળો, આજ્ઞા આપનાર, સૃષ્ટિનો સર્જનહાર અને પ્રારબ્ધ બનાવનાર) છે, જે આપણો અને સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર, પાલનહાર, પ્રબંધક માલિક અને "હાકિમે તકવીની" (ભૌતિક જગત અને પ્રાકૃતિક નિયમોનો નિર્માતા અને શાસક) છે; બંદગી (ઉપાસના)નો હકદાર અને વાસ્તવિક "મુતાઅ" (ખરેખર જેની આજ્ઞાનું પાલન કરવામાં આવે) તે જ છે અને આમાંથી કોઈ હેસિયતમાં પણ કોઈ તેનો ભાગીદાર નથી.

આ હકીકત જાણવાથી અને સ્વીકારવાથી અનિવાર્ય બને છે કે મનુષ્ય,

(૧) અલ્લાહ સિવાય કોઈને સહાયક, સંરક્ષક અને કામ સિદ્ધ કરી આપનાર, ઇચ્છા અને કામના પૂરી કરનાર તેમજ મુશ્કેલીઓ દૂર કરનાર, ફરિયાદો સાંભળનાર અને હિમાયત કરનાર અને મદદ કરનાર ન સમજે; કેમ કે કોઈ બીજા પાસે હકીકતમાં કોઈ સત્તા અને પ્રભુત્વ નથી.

(૨) અલ્લાહ સિવાય કોઈ અન્યને ફાયદો પહોંચાડનાર કે નુકસાન પહોંચાડનાર ન સમજે, કોઈથી "તકવા" (સંયમ અને પરહેઝગારી) ન કરે, કોઈથી ન ડરે, કોઈનો આશ્રિત ન બને, કોઈથી પોતાની અપેક્ષાઓ ન બાંધે, કેમ કે તમામ અધિકારોનો માલિક હકીકતમાં માત્ર અલ્લાહ છે.

(૩) અલ્લાહ સિવાય કોઈની પૂજા (ઉપાસના) ન કરે, કોઈને નઝર (ચઢાવો) ન આપે, કોઈની આગળ માથું ન નમાવે; ટૂંકમાં કોઈની સાથે એવો વ્યવહાર કે વર્તન કે મામલો ન કરે, જે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) પોતાના ઉપાસકો સાથે કરતા રહ્યા છે. કેમ કે માત્ર અલ્લાહ જ બંદગી અને ઉપાસનાનો હકદાર છે.

(૪) અલ્લાહ સિવાય કોઈથી દુઆ ન માંગે, કોઈનું શરણ ન શોધે, કોઈને મદદ માટે ન પોકારે, ખુદાઈ-વ્યવસ્થામાં કોઈને દખલ કરનાર અને બળવાન પણ ન સમજે કે તેની ભલામણથી અલ્લાહનો ફેંસલો ટળી શકતો હોય. કેમ કે અલ્લાહની હકૂમતમાં વાસ્તવમાં બધા લોકો સત્તાહીન રૈયત છે, ચાહે તે ફરિશ્તાઓ હોય કે નબીઓ અથવા ઔલિયા.

(૫) અલ્લાહતઆલા સિવાય કોઈને રાજયસત્તાનો માલિક અને સર્વોચ્ચ શાસક ન

સમજે, કોઈને સ્વયં આદેશ આપનાર અને મનાઈ કરવાનો અધિકાર ધરાવનાર ન સમજે. કોઈના માટે એવો વિશ્વાસ ન રાખે કે મૌલિક રૂપે કાયમી અને સ્થાયી રીતે તે 'શારેઅ' (ધર્મશાસ્ત્ર બનાવનાર) અને કાનૂન ઘડનાર છે તેમજ તે બધા અનુસરણોને સાચા અને વૈધ સ્વીકારવાથી ઇન્કાર કરી દે, જે અલ્લાહના અનુસરણ અને તેના કાનૂન હેઠળ ન હોય. કારણ કે પોતાના રાજયનો એક જ કાયદેસર અને ઉચિત માલિક તેમજ પોતાના સર્જનનો એક જ કાયદેસર અને ઉચિત શાસક અલ્લાહ છે. તેના સિવાય કોઈને હકીકતમાં માલિકી અને શાસનનો હક જ પહોંચતો નથી.

ઉપરાંત, આ અકીદો (આસ્થા)ને સ્વીકારવાથી અનિવાર્ય બની જાય છે કે મનુષ્યઃ

(૬) પોતાની સ્વતંત્રતા અને વિમુક્તિનો ત્યાગ કરે, પોતાની મનેચ્છાઓની બંદગી છોડી દે અને માત્ર અલ્લાહનો બંદો (દાસ) બનીને રહે, જેને તેણે પોતાનો એકમાત્ર ઉપાસ્ય સ્વીકાર્યો છે.

(૭) પોતાને કોઈ ચીજનો સંપૂર્ણ માલિક ન સમજે. દરેક ચીજ, એટલે સુધી કે પોતાના પ્રાણ, પોતાના અંગો અને પોતાની માનસિક અને શારીરિક શક્તિને પણ અલ્લાહની મિલકત અને તેના તરફથી અમાનત સમજે.

(૮) પોતાને અલ્લાહ સમક્ષ જવાબદાર અને ઉત્તરદાયી સમજે તેમજ પોતાની શક્તિનો ઉપયોગ અને પોતાના વર્તન અને ઉપભોગમાં હંમેશા તે હકીકતને ધ્યાનમાં રાખે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા સમક્ષ આ બધી વસ્તુઓનો હિસાબ આપવાનો છે. અને પોતાના કર્મોની સજા કે ઇનામ મેળવવાનું છે.

(૯) પોતાની પસંદગીનો માપદંડ અલ્લાહની પસંદગીને, અને પોતાની નાપસંદગીનો માપદંડ અલ્લાહની નાપસંદગીને બનાવે.

(૧૦) અલ્લાહતઆલાની પ્રસન્નતા અને તેના સામીપ્યને પોતાના તમામ પ્રયત્નો અને દોડધૂપનો ઉદ્દેશ્ય તેમજ પોતાની સમગ્ર જીવનનું કેન્દ્રબિંદુ બનાવે.

(૧૧) પોતાના માટે નૈતિકતામાં, વ્યવહારમાં, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં, આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં, તાત્પર્ય એ છે કે જીવનના તમામ મામલાઓમાં માત્ર અલ્લાહના માર્ગદર્શનને જ માર્ગદર્શન માને તથા માત્ર તે જ કાનૂન અને નિયમોને કાનૂન અને નિયમ માને, જે અલ્લાહે નિયત કરેલ હોય કે તેના હુકમો અને માર્ગદર્શન અન્વયે હોય તેમજ જે તેની 'શરીઅત' (ઇસ્લામી ધર્મશાસ્ત્ર)ના વિરુદ્ધ હોય તેને રદ કરી દે.

આ અકીદાના બીજા ભાગ, અર્થાત્ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) અલ્લાહના રસૂલ હોવાનો અર્થ એ છે કે સાચા ઉપાસ્ય અને સૃષ્ટિના સમ્રાટ તરફથી ધરતી ઉપર વસતાં તમામ મનુષ્યોને જે અંતિમ પયગમ્બર મારફત કયા મત સુધી પ્રમાણભૂત માર્ગદર્શન અને સંપૂર્ણ જીવન બંધારણ મોકલવામાં આવ્યું અને જેને આ માર્ગદર્શન અને બંધારણ અનુસાર અમલ કરીને એક પૂર્ણ આદર્શ અને નમૂનો સ્થાપિત કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા, તે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે.

આ તથ્યને જાણવા અને સ્વીકારવાથી અનિવાર્ય બને છે કે મનુષ્યઃ

(૧) દરેક તે શિક્ષણ અને માર્ગદર્શનને કોઈ પણ પ્રકારની દ્વિધા કે ખચકાટ વગર સ્વીકારી લે, જે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી સાબિત થયેલ હોય.

(૨) તેને કોઈ બાબત ઉપર તૈયાર કરવા અને કોઈ ચીજથી રોકી દેવા માટે માત્ર એટલી વાત પૂરતી હોય કે તે વાતનો હુકમ કે તે ચીજની મનાઈ અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી સાબિત છે. તે સિવાય અન્ય કોઈ દલીલ ઉપર તેનું અનુસરણ નિર્ભર ન હોય.

(૩) અલ્લાહના રસૂલ મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સિવાય અન્ય કોઈનું મૌલિક રૂપે, અમર્યાદ અને કાયમી ધોરણે નેતૃત્વ અને માર્ગદર્શન ન સ્વીકારે, બીજા લોકોનું અનુસરણ અલ્લાહની કિતાબ-કુર્આન અને સુન્નતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અન્વયે હોય, ન કે તેનાથી સ્વતંત્ર.

(૪) પોતાના જીવનના દરેક મામલામાં અલ્લાહની કિતાબ અને તેના રસૂલ મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સુન્નતને જ અસલ 'હુજ્જત' (તર્ક અને દલીલ), 'સનદ' (પ્રમાણ અને સનદ) અને 'મરજઅ' (આશ્રયસ્થાન અને મૂળ સ્ત્રોત) ઠરાવે. જે વિચાર કે અકીદો (આસ્થા) કે પદ્ધતિ કિતાબ અને સુન્નત મુજબ હોય તેને અપનાવે અને જે તેનાથી વિપરીત હોય તેને છોડી દે.

(૫) અજ્ઞાનતા ઉપર આધારિત તમામ પૂર્વગ્રહો અને પક્ષપાતોને પોતાના દિલમાંથી કાઢી નાખે, ચાહે તે વ્યક્તિગત અને કૌટુંબિક હોય કે પછી જાતીય અને સ્વદેશી હોય કે સાંપ્રદાયિક અને કોઈ ખાસ જૂથમાં હોય. કોઈનાં પ્રેમ કે શ્રદ્ધામાં એવો ગ્રસ્ત ન થાય કે તે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લાવેલ સત્યના પ્રેમ અને શ્રદ્ધા પર છવાઈ જાય અથવા તેના મુકાબલમાં ઊભા થઈ જાય.

(૬) અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સિવાય કોઈ મનુષ્યને "મેઅયારે હક્ક" (સત્યનો માપદંડ) ન બનાવે. કોઈને "તન્કીદ"(ટીકા)થી પર ન સમજે કોઈની માનસિક ગુલામીમાં ગ્રસ્ત ન થાય. દરેકને અલ્લાહે બનાવેલ આ જ પૂર્ણ કસોટી અને માપદંડ ઉપર તપાસી અને પરખ કરે અને જે આ માપદંડ અને કસોટી પ્રમાણે જે દરજ્જામાં હોય, તેને તે જ દરજ્જામાં રાખે.[૧]

## નસ્બુલઐન (ઉદ્દેશ્ય, લક્ષ)

**કલમ–૪ :**

જમાઅતે ઇસ્લામી હિંદનો ઉદ્દેશ્ય 'ઇકામતે દીન' (દીન ની સ્થાપના) છે, જેનું પ્રેરક માત્ર અલ્લાહની પ્રસન્નતા અને આખિરતની સફળતાની પ્રાપ્તિ છે.

**સમજૂતી :** 'ઇકામતે દીન'માં શબ્દ 'દીન'નો અર્થ તે સત્યદીન છે, જેને સૃષ્ટિના માલિક અને પાલનહાર અલ્લાહ પોતાના તમામ નબી દ્વારા વિભિન્ન યુગોમાં અને જુદા જુદા દેશોમાં મોકલતો રહ્યો છે તેમજ જેને અંતિમ અને પૂર્ણ રૂપે સમગ્ર માનવજાતના માર્ગદર્શન માટે પોતાના આખરી પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ દ્વારા અવતરિત કર્યો અને જે હવે દુનિયામાં એક માત્ર પ્રમાણિત, સુરક્ષિત અને અલ્લાહ સમીપ સ્વીકૃત દીન છે અને જેનું નામ "ઇસ્લામ" છે.

આ દીન મનુષ્યના જાહેર અને ખાનગી તેમજ તેના જીવનના તમામ વ્યક્તિગત અને સામૂહિક પાસાઓને આવરી લે છે. અકીદો (આસ્થા), ઇબાદત અને નૈતિકતાથી લઈને આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્ર સુધી માનવ જીવનનો કોઈ એક વિભાગ પણ એવો નથી, જે તેના પરિઘથી બહાર હોય.

આ દીન, જે રીતે અલ્લાહની પ્રસન્નતા અને આખિરતની સફળતાની બાંહેધરી આપે છે, તે જ રીતે દુનિયાની સમસ્યાઓના યોગ્ય ઉકેલ માટે શ્રેષ્ઠ જીવન-વ્યવસ્થા પણ છે તથા વ્યક્તિગત અને સામૂહિક જીવનનું સદાચારી અને પ્રગતિશીલ નિર્માણ માત્ર તેની જ સ્થાપનાથી શક્ય છે.

[૧] "મેઅયારે હક્ક" બનાવવા તથા 'બરસરે હક્ક' (સત્ય ઉપર) માનવામાં અને 'તન્કીદ' (ટીકા-ટિપ્પણી) તથા 'તન્કીસ' (નિંદા અને અપમાન)માં જે ભેદ છે, તેને ધ્યાનમાં રાખવું જરૂરી છે.

આ દીનની "ઇકામત"નો અર્થ આ છે કે કોઈ પણ પૃથક્ અને વિરોધાભાસ કે વિભાજન વગર આ પૂર્ણ દીનનું નિખાલસતાથી અનુસરણ કરવામાં આવે, અને દરેક બાજુએથી વિમુખ થઈને એકાગ્રતાથી કરવામાં આવે; તથા માનવ જીવનના વ્યક્તિગત અને સામૂહિક તમામ વિભાગોમાં તેને આ રીતે સંચાલિત અને લાગુ કરવામાં આવે કે વ્યક્તિનો વિકાસ, સમાજનું નિર્માણ અને રાજયનું ગઠન બધું આ જ દીન અનુસાર હોય.

આ દીનની "ઇકામત" (સ્થાપના)નો આદર્શ અને સૌથી ઉત્તમ વ્યવહારિક નમૂનો તે છે, જેને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને ખુલફા-એ-રાશિદીન (ખુલફા-એ-રાશિદીન એટલે અલ્લાહના પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પછી આરંભના ચાર શ્રેષ્ઠ અને આદર્શ ખલીફાઓ - હઝરત અબૂ બક્ર રદિ., હઝરત ઉમર રદિ., હઝરત ઉસ્માન રદિ. અને હઝરત અલી રદિ.) રિદવાનુલ્લાહિ ત્આલા અલયહિ અજમઈન (તેમનાથી અલ્લાહ પ્રસન્ન હોય) એ સ્થાપિત કર્યો.

## કાર્યપદ્ધતિ

### કલમ—૫

પોતાના ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે જમાઅતે ઇસ્લામી હિંદની કાર્યપદ્ધતિ નીચે મુજબ રહેશે:

(૧) કુર્આન અને સુન્નત જમાઅતના કાર્યોનો આધાર હશે. અન્ય તમામ વસ્તુઓને બીજા દરજ્જાની હેસિયતથી માત્ર તે હદ સુધી જ નજર સમક્ષ રાખવામાં આવશે, જે હદ સુધી કુર્આન અને સુન્નતની દૃષ્ટિએ તેનો અવકાશ હોય.

(૨) જમાઅત પોતાના દરેક કાર્યોમાં નૈતિક મર્યાદાઓની પાબંદ રહેશે અને કયારેય પણ એવા સાધનો અને રીતો નહીં અપનાવે, જે સચ્ચાઈ અને પ્રમાણિકતાની વિરુદ્ધ હોય અથવા જેનાથી સાંપ્રદાયિક વૈમનસ્ય, વર્ગીય સંઘર્ષ અને ધરતી ઉપર બગાડ પેદા થાય.

(૩) જમાઅત પોતાના ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે રચનાત્મક અને શાંત પદ્ધતિઓ અપનાવશે, અર્થાત્ તે પ્રચાર-પ્રસાર, શિખામણ અને વિચારધારાની પ્રસિદ્ધિના માધ્યમથી માનસ અને ચારિત્ર્યની સુધારણા કરશે અને આ રીતે દેશના સામૂહિક જીવનમાં અપેક્ષિત સદાચારપૂર્ણ ક્રાંતિ લાવવા માટે જનમતને પ્રશિક્ષિત કરશે.

# ભાગ–૨
# અકીદો (આસ્થા), ઉદ્દેશ્ય અને કાર્યપદ્ધતિ

## – શરતો –

**કલમ–૬**

ભારતીય સંઘનો દરેક નાગરિક, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી અને ચાહે તે કોઈ પણ કોમ કે વંશથી સંબંધ ધરાવતો હોય, જમાઅતે ઈસ્લામી હિંદનો 'રૂક્ન' (સભ્ય) બની શકે છે, એ શરતે કે તેઃ

(૧) અકીદા 'લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ'ને તેની સમજૂતી (કલમ-૩ મુજબ)ની સાથે સમજી લીધા પછી એકરાર કરે કે આ જ તેનો અકીદો (આસ્થા) છે.

(૨) જમાઅતના ઉદ્દેશ્યને તેની સમજૂતી (કલમ-૪ મુજબ)ની સાથે સમજી લીધા પછી એકરાર કરે કે આ જ તેનો ઉદ્દેશ્ય અને લક્ષ્ય છે.

(૩) જમાઅતની કાર્યપદ્ધતિ (કલમ-૫ મુજબ)ની પાબંદીનો એકરાર કરે.

(૪) જમાઅતના બંધારણને સમજી લીધા પછી પ્રતિજ્ઞા કરે કે તે આ બંધારણની અને તે અનુસાર જમાઅતની વ્યવસ્થા અને શિસ્તની પાબંદી કરશે.

## — જમાઅતમાં પ્રવેશ —

**કલમ—૭**

સભ્યપદની શરતો (ઉપરોક્ત કલમ-૬ મુજબ)ની પૂર્તિની સ્થિતિમાં કોઈ વ્યક્તિ ત્યારે જમાઅતનો સભ્ય ગણાશે, જયારે ‘અમીરે જમાઅત’ (જમાઅતે ઇસ્લામી હિંદના અમીર-અધ્યક્ષ) તેની સભ્યપદ માટેની દરખાસ્તને મંજૂરી આપે.

## — જવાબદારીઓ —

**કલમ—૮**

જમાઅત પ્રત્યેક ‘રૂક્ન’ (સભ્ય) માટે અનિવાર્ય હશે કે તેઃ

(૧) દીનની તમામ ફરજો અને કર્તવ્યો તેની ‘શરઈ (ઇસ્લામી કાનૂને દર્શાવેલ) પાબંદીઓ સહિત અદા કરે.

(૨) ‘કબાંઇર’ (મોટાં ગુનાહો)થી બચે અને જો મનના ક્ષણિક આવેશના આધીન કોઈ મોટા ગુનાહનું આચરણ થઈ જાય તો તેનાથી તૌબા (અલ્લાહથી ક્ષમાયાચના અને પશ્ચાતાપ) કરે.

(૩) જો તે રોજગારનું કોઈ એવું સાધન કે માધ્યમ ધરાવતો હોય, જેનો સમાવેશ ખુલ્લા ગુનાહની વ્યાખ્યામાં થતો હોય તો તે તેને છોડી દે, એની દરકાર કર્યા વિના કે તે છોડવાથી કેટલું નુકસાન થાય છે, અને જો તેના રોજગારનાં સાધનોમાં આ પ્રકારના સાધનનો કેટલોક ભાગ હોય તો તેવા ભાગથી પોતાની રોજીને મુક્ત કરી લે.

(૪) જો તેના કબજામાં કોઈ એવો માલ કે મિલ્કત હોય, જે ‘હરામ’ (અવૈધ) રીતથી પ્રાપ્ત કરેલ હોય તો તેનો ત્યાગ કરી દે, પણ જો તેવો માલ કે મિલ્કતની ખબર ન હોય કે નિશ્ચિત ન હોય તો ‘તૌબા’ (પશ્ચાતાપ) અને ‘ઇસ્તિગ્ફાર’ (અલ્લાહથી ક્ષમા)ની સાથે તેની ક્ષતિપૂર્તિનો કે તેને ભરપાઈ કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરે.

(૫) જો તેના માલ અને મિલ્કતમાં કોઈ હકદારનો છીનવી લીધેલો કોઈ હક્ક સામેલ હોય તો તેને તેનો હક્ક પહોંચાડી દે. આવું કરવું એ સ્થિતિમાં જરૂરી હશે, જયારે કે હકદારની પણ ખબર હોય અને તે ચીજ-વસ્તુની પણ ખબર હોય અને તે નિશ્ચિત હોય, જે છીનવીને લેવામાં આવેલ છે. અન્ય સ્થિતિમાં

તેણે તૌબા અને ઇસ્તિગ્ફારની સાથે તેની ક્ષતિપૂર્તિ અને નુકસાન ભરપાઈનો યથાશક્તિ પ્રયાસ કરવો જોઈએ.

(૬) જો તે સરકારી તંત્રમાં કોઈ હોદ્દો ધરાવતો હોય અથવા તેના ન્યાયતંત્રમાં ચૂકાદો આપવાના સ્થાને નિયુક્ત હોય, અથવા તેની કાયદો ઘડનાર સભાનો સભ્ય હોય, તો કોઈ એવું કામ ન કરે જે સત્ય અને ન્યાયની વિરુદ્ધ હોય.

(૭) ઉપરોક્ત કલમ-૬ની આવશ્યકતાઓને યથાશક્તિ પૂરી કરે.

(૮) પોતાની યોગ્યતા અને શક્તિ અનુસાર અલ્લાહના બંદાઓને તે અકીદા અને ઉદ્દેશ્ય તરફ આમંત્રિત કરે, જેની સ્પષ્ટતા કલમ-૩ અને કલમ-૪માં કરવામાં આવેલ છે, અને જે લોકો આ અકીદા અને ઉદ્દેશ્યને સ્વીકારી લે, તેઓને 'ઇકામતે દીન' (દીનની સ્થાપના) માટે સામૂહિક પ્રયાસ કરવા તૈયાર કરે.

## — અપેક્ષિત ધોરણ અને માપદંડ —

### કલમ—૯

જમાઅતના પ્રત્યેક 'રૂક્ન' (સભ્ય)એ કોશિશ કરવાની રહેશે કે તે:

(૧) ઇસ્લામ અને 'જાહિલિયત' (અજ્ઞાનતા, બિનઇસ્લામ)ના ભેદથી જાણકાર અને 'હુદૂદુલ્લાહ' (અલ્લાહે દર્શાવેલ મર્યાદાઓ-સીમાઓ)થી વાકેફ થઈ જાય.

(૨) અલ્લાહતઆલાથી પોતાના સંબંધને વધુમાં વધુ મજબૂત કરે અને તેના માટે ફરજિયાત ઇબાદતો ઉપરાંત નફ્લ (વધારાની) ઇબાદતો, ઝિક્ર (અલ્લાહનું સ્મરણ) અને તિલાવતે કુર્આન વગેરેની પણ પાબંદી કરે.

(૩) તમામ મામલાઓમાં પોતાના દૃષ્ટિકોણ, વિચાર અને આચરણને અલ્લાહના માર્ગદર્શન મુજબ ઢાળે. પોતાના જીવનનો હેતુ, પોતાની પસંદગી અને મૂલ્યોનું ધોરણ તેમજ પોતાની વફાદારીઓ અને સંનિષ્ઠતાઓનું કેન્દ્ર બદલીને 'રઝાએ ઇલાહી' (અલ્લાહની પ્રસન્નતા)ને અનુરૂપ બનાવે તથા પોતાની ઉદંડતા, વિદ્રોહ, હઠ અને 'નફ્સપરસ્તી' (મનેચ્છા)ના બુત (મૂર્તિ)ને તોડીને અલ્લાહની આજ્ઞાને તાબે થઈ જાય.

(૪) તે તમામ 'જાહિલિયત' (અજ્ઞાનતા, બિનઇસ્લામી)ના રીત-રિવાજોથી પોતાના જીવનને મુક્ત કરી લે, જે શરીઅતના આદેશો વિરુદ્ધ હોય.

(૫) તે પૂર્વગ્રહો તથા શોખ અને રુચિઓથી પોતાના મનને તેમજ તે વ્યસ્તતાઓ, ઝઘડાઓ અને વાદ-વિવાદોથી પોતાના જીવનને મુક્ત કરે, જેનો પાયો અહંકાર અને દુનિયાની મોહ-માયા ઉપર હોય અને દીનમાં જેનું કોઈ મહત્ત્વ ન હોય.

(૬) 'ફાસિકો' અને 'ફાજિરો' (અલ્લાહના અવજ્ઞાકારીઓ, દુષ્ટો અને દુરાચારીઓ) તેમજ અલ્લાહથી ગાફેલ લોકોથી મિત્રતા અને સહયોગના સંબંધો તોડી નાખે – (ન કે સામાન્ય માનવીય સંબંધો) તથા 'નેક' (સદાચારી) અને 'ખુદાતરસ' (અલ્લાહથી ડરવાવાળા) લોકોથી સંબંધ અને સંપર્ક સ્થાપિત કરે.

સમજૂતી : **'ફાસિકો'** અને **'ફાજિરો'**થી જો નજીકના કૌટુંબિક સંબંધો હોય તો તેના 'શરઈ'' (અલ્લાહે નિર્ધારિત કરેલા) અધિકારો કોઈપણ સંજોગોમાં અદા કરવામાં આવશે તેમજ પ્રચલિત નિયમો અનુસાર તેની સાથે સામાજિક સંબંધો રાખવામાં આવશે. અલબત્ત, તેના ખોટા કાર્યોથી સંપૂર્ણપણે બચતા રહેવું તથા ધૈર્ય અને વિવેકશીલતાથી તેમની સુધારણા માટે પ્રયત્નો કરવા જરૂરી રહેશે.

(૭) દીનના આદેશોનું પાલન કરે, અને અનિવાર્ય જરૂરત વગર પોતાના મામલાઓના નિરાકરણ માટે ન્યાયાલયોમાં ન જાય.

(૮) પોતાના મામલાઓ (વ્યવહારો)ને સચ્ચાઈ, ન્યાય, અલ્લાહથી ડર રાખીને અને નિષ્પક્ષ સત્યપ્રિયતા ઉપર સ્થાપિત કરે.

(૯) પોતાની દોડધૂપ અને કોશિશોને 'ઇકામતે દીન'ના ઉદ્દેશ્ય ઉપર કેન્દ્રિત કરે અને પોતાના જીવનની વાસ્તવિક જરૂરત સિવાય તે બધી જ વ્યસ્તતાથી અલગ થઈ જાય, જે આ ઉદ્દેશ્ય તરફ ન લઈ જતી હોય.

# ભાગ–3
## જમાઅતની વ્યવસ્થા

### – સ્વરૂપ –

**કલમ–૧૦**

જમાઅતે ઇસ્લામી હિંદની વ્યવસ્થા 'શૂરાઈ'' (મંત્રણાત્મક) રહેશે અને સંગઠનની રીતે 'મર્કઝી' (કેન્દ્રીય), 'હલ્કાવાર' (પ્રાદેશિક) અને 'મુકામી' (સ્થાનિક) વ્યવસ્થા પર આધારિત રહેશે. ઉપરાંત 'અમીરે જમાઅત' (જમાઅતે ઇસ્લામી હિંદના અમીર અધ્યક્ષ) જરૂરત અનુસાર બીજી ક્ષેત્રીય વ્યવસ્થાઓ પણ સ્થાપી શકે છે.

### – કેન્દ્રીય વ્યવસ્થા –
### ઘટકો

**કલમ–૧૧**

કેન્દ્રીય વ્યવસ્થા નીચે મુજબના ઘટકો ઉપર આધારિત હશે.

(૧) મજલિસે નુમાઇન્દગાન (પ્રતિનિધિ સભા)
(૨) અમીરે જમાઅત (જમાઅતના રાષ્ટ્રીય અધ્યક્ષ)
(૩) મર્કઝી મજલિસે શૂરા (કેન્દ્રીય સલાહકાર સમિતિ)
(૪) કય્યિમે જમાઅત (મહામંત્રી)

# ૧. મજલિસે નુમાઇન્દગાન (પ્રતિનિધિ સભા)

## — રચના —

### કલમ—૧૨

આ જમાઅતની એક મજલિસે નુમાઇન્દગાન (પ્રતિનિધિ સભા) હશે, જે જમાઅતના અરકાન (સભ્યો) દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અમીરે જમાઅત અને કય્યિમે જમાઅત ઉપર આધારિત હશે.

### કલમ—૧૩

મજલિસે નુમાઇન્દગાનના સભ્યોની ચૂંટણી નીચે પ્રમાણેની પદ્ધતિથી થશે. પંદર સભ્યોની ચૂંટણી જમાઅતના સભ્યો સમગ્ર જમાઅતમાંથી કરશે અને આ ચૂંટણી પ્રથમ ચરણમાં કરવામાં આવશે. તે પછી પ્રત્યેક પ્રાદેશિક વિભાગ/કેન્દ્રને આધીન પ્રદેશમાંથી એક કે એકથી વધુ પ્રતિનિધિઓ ચૂંટવામાં આવશે. આવા પ્રતિનિધિઓ અને તેમાં મહિલાઓની ઓછામાં ઓછી ટકાવારી સંખ્યા જમાઅતના સભ્યોની સંખ્યાને ધ્યાનમાં રાખીને જે તે સમયે કેન્દ્રીય સલાહકાર સમિતિ નક્કી કરતી રહેશે.

### કલમ—૧૪

(અ) પ્રતિનિધિ સભાની ચૂંટણી વખતે જે વ્યક્તિ જમાઅતના અધ્યક્ષપદ કે મહામંત્રી પદની જવાબદારી નિભાવી રહી હોય, તેનો આ હોદો પ્રતિનિધિ સભાના સભ્ય પદે ચૂંટાઈ આવવા માટે બાધક નહીં હોય.

(બ) જો અમીરે જમાઅત કે કય્યિમે જમાઅત પ્રતિનિધિ સભાના સભ્યપદે ચૂંટાઈ આવે તો અમીરે જમાઅતની નવી ચૂંટણી કે કય્યિમે જમાઅતની નિયુક્તિની હંગામી મુદતમાં આ ચૂંટણી કે નિયુક્તિના કારણે પ્રતિનિધિ સભાના સભ્યોની સંખ્યામાં જે કમી રહી જાય તે અમીર અને શૂરાની ચૂંટણીમાં બાધક રહેશે નહીં.

## – સભ્ય બનવા માટેની લાયકાત –

**કલમ–૧૫**

પ્રતિનિધિ સભાના સભ્યપદ માટે કોઈને ચૂંટવામાં નીચે મુજબના ગુણોને ધ્યાનમાં રાખવામાં આવશે:

(૧) તે પ્રતિનિધિ સભાના સભ્યપદ કે જમાઅતના કોઈ અન્ય હોદ્દા માટે ઉમેદવાર કે ઇચ્છુક ન હોય.

(૨) દીનની સમજ, તકવા (અલ્લાહનો ડર), પ્રમાણિકતા, દીર્ઘદૃષ્ટિ અને વિચાર વિવેક તેમજ સાચી અને યોગ્ય સલાહનું સામર્થ્ય, વાતના ઊંડાણમાં પહોંચીને કામ કરવાની સમજ. ઈસ્લામી આંદોલનના સ્વભાવની ઓળખ અને તેની સાથે લગાવ, જમાઅતના બંધારણનું ચુસ્ત પાલન, ઉપરાંત અલ્લાહના માર્ગમાં દઢતા અને મક્કમતાની દૃષ્ટિએ સમગ્રપણે પોતાના મતવિસ્તારના જમાઅતના સભ્યો કરતાં શ્રેષ્ઠ હોય.

## – કામ કરવાની અવધી –

**કલમ–૧૬**

(અ) પ્રતિનિધિ સભાની ચૂંટણી ચાર વર્ષ માટે કરવામાં આવશે.

(બ) એક પ્રતિનિધિ સભાની કાર્યની મુદત પૂરી થતાં પહેલાં નવી પ્રતિનિધિ સભાની ચૂંટણી થઈ જવી જરૂરી છે, પરંતુ અત્યંત મજબૂરીની સ્થિતિને કારણે ચાર વર્ષની મુદત પૂરી થવા સુધી નવી ચૂંટણી ન થઈ શકે તો વર્તમાન પ્રતિનિધિ સભા નવી પ્રતિનિધિ સભા ચૂંટાય ત્યાં સુધી કાયમ રહેશે.

## – અધિકારો –

**કલમ–૧૭**

પ્રતિનિધિ સભાના અધિકારો નીચે મુજબ રહેશે:

(૧) અમીરે જમાઅતની ચૂંટણી અને બરતરફી.

(૨) અમીરે જમાઅતના રાજીનામા બાબતે નિર્ણય.

(૩) કેન્દ્રીય સલાહકાર સમિતિ કે તેના કોઈ સભ્યની ચૂંટણી અને બરતરફી.

(૪) અમીરે જમાઅત અને કેન્દ્રીય સલાહકાર સમિતિ દરમ્યાન મતભેદની બાબતોનો નિર્ણય. (કલમ ૩૯-ક)

(૫) જમાઅતના બંધારણમાં ફેરફાર સંબંધે કેન્દ્રીય સલાહકાર સમિતિની ભલામણો અને પ્રતિનિધિ સભા કે અમીરે જમાઅતના સૂચનો ઉપર વિચાર-વિમર્શ અને નિર્ણય. (કલમ ૭૩, ૭૪)

(૬) સત્રીય કાર્યક્રમના પ્રકાશમાં ગત બે વર્ષના કાર્યો-પ્રવૃત્તિઓની સમીક્ષા.

## – બેઠકો (સભાઓ) –

### કલમ–૧૮

(અ) પ્રતિનિધિ સભાની બેઠક (સભા) સામાન્ય રીતે પોતાની મુદ્દત કાળના શરૂ થવાના પ્રારંભથી વધુમાં વધુ એક માસની અંદર મળશે, પ્રતિનિધિ સભાની બીજી સભા સત્રના અડધી મુદત પૂરી થતાં પહેલાં એક મહિનામાં કે વધુમાં વધુ ત્રણ મહિનામાં મળશે.

(બ) આ પ્રતિનિધિ સભાની અસામાન્ય સભા જરૂરત મુજબ કોઈ પણ સમયે બોલાવી શકાશે.

(ક) જો પ્રતિનિધિ સભાના દસ સભ્યો પ્રતિનિધિ સભાના અધિકાર ક્ષેત્ર સંબંધે કોઈ સમસ્યા અંગે પ્રતિનિધિ સભા અસામાન્ય સભા બોલાવવા માટે લેખિત માગણી કરે તો જરૂરી હશે કે પ્રતિનિધિ સભાના સભ્યોનો આ સંબંધે અભિપ્રાય લેવામાં આવે. અને જો પ્રતિનિધિ સભાના બહુમતી સભ્યોનો અભિપ્રાય સભા બોલાવવાના પક્ષમાં હોય તો બે મહિનામાં તેની અસામાન્ય સભા બોલાવવી જરૂરી છે.

(ડ) પ્રતિનિધિ સભાની સભાના સમયે અમીરે જમાઅત અને કય્યિમે જમાઅત પ્રતિનિધિ સભાના અધ્યક્ષ અને મંત્રી રહેશે, પરંતુ જે વખતે અમીરે જમાઅતના પોતાની જાત સંબંધે કોઈ સમસ્યા ઉપર ચર્ચા-વિચારણા થવાની હોય તો પ્રતિનિધિ સભા તેમના સ્થાને પોતાનામાંથી કોઈ અન્ય વ્યક્તિને પ્રતિનિધિ સભાના હંગામી અધ્યક્ષ ચૂંટશે.

## – કોરમ –

### કલમ–૧૯

પ્રતિનિધિ સભામાં સભ્યોની હાજરીનું ધોરણ (કોરમ) તેની કુલ સભ્ય સંખ્યાના ૬૦% ઉપર આધારિત રહેશે. પરંતુ જો કોઈ સભા કોરમ પૂરું ન થવાને

કારણે મુલત્વી કરવી પડે તો બીજી સભા માટે કોઈ કોરમ રહેશે નહીં.

**સમજૂતિ :** જો કોઈ મામલામાં પ્રતિનિધિ સભાના કેટલાક સભ્યોને કલમ-૨૧ અનુસાર મતદાનનો અધિકાર ન હોય તો હાજરીનું કોરમ તેમના સિવાય બાકી રહેલા સભ્યોના ૬૦% ઉપર આધારિત રહેશે.

## — નિર્ણયની રીત —

### કલમ—૨૦

પ્રયત્ન કરવામાં આવશે કે પ્રતિનિધિ સભાના નિર્ણયો સર્વસંમતિથી થાય, અન્ય સ્થિતિમાં નિર્ણય બહુમતીથી થશે. પરંતુ જો કોઈ સમસ્યામાં મત સરખે-સરખા પડે તો નિર્ણય એ મતોને અનુસાર થશે, જેમાં સભાના અધ્યક્ષનો મત સામેલ હોય.

**સમજૂતિ:** બંધારણમાં સુધારો કે અમીરને પદથી હઠાવવા કે કેન્દ્રીય સલાહકાર સમિતિને ભંગ કરવા અંગે નિર્ણય માત્ર હાજર રહેલા સભ્યોના બહુમતથી નહીં થાય. બલ્કે પ્રતિનિધિ સભાના તમામ સભ્યોના ઓછામાં ઓછા ૫૧% બહુમતથી થશે, જેઓને મતદાનનો હક્ક પ્રાપ્ત હશે અને તે માટે જરૂરત પડે તો ગેરહાજર સભ્યોથી લેખિત મત પણ પ્રાપ્ત કરી લેવામાં આવશે.

### કલમ—૨૧

જો પ્રતિનિધિ સભા કોઈ એવી સમસ્યા ઉપર વિચાર-વિમર્શ કરી રહી હોય, જેનો સંબંધ કેન્દ્રીય સલાહકાર સમિતિના કોઈ સભ્યને કે કેન્દ્રીય સલાહકાર સમિતિને કે અમીરે જમાઅતને પદથી હઠાવવા કે અમીરે જમાઅતના રાજીનામા સાથે હોય તો આ સમસ્યા ઉપર સંબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓને મતદાનનો અધિકાર રહેશે નહીં.

# ૨. અમીરે જમાઅત (અધ્યક્ષ)

## — હેસિયત —

### કલમ—૨૨

જમાઅતે ઈસ્લામી હિંદનો એક 'અમીર' (અધ્યક્ષ) હશે, જેની હેસિયત પ્રચલિત પારિભાષિક શબ્દ 'અમીરુલ મુ'મિનીન'ની નહીં હોય, બલ્કે માત્ર આ જમાઅતના 'રહનુમા' (આગેવાન અને નેતા)ની હશે. જમાઅતના સભ્યો 'મા'રૂફ'

(ભલાઈના કાર્યો)માં તેના આજ્ઞાપાલનના પાબંદ હશે. જમાઅતની દા'વત (આમંત્રણ) પોતાના અમીરના વ્યક્તિત્વ કે 'ઇમારત' (અધ્યક્ષપદ) તરફ નહીં હોય, બલ્કે પોતાના 'અકીદા' (આસ્થા) અને નસ્બુલઐન (ઉદ્દેશ્ય) તરફ હશે.

## – અપેક્ષિત ગુણો –

### કલમ–૨૩

અમીરે જમાઅતની ચૂંટણીમાં નીચે મુજબના ગુણો અને લાયકાતોને ધ્યાનમાં રાખવામાં આવશેઃ

(૧) તે ઇમારત (અધ્યક્ષપદ) કે જમાઅતના અન્ય કોઈ હોદ્દાનો ઉમેદવાર કે ઇચ્છુક ન હોય.

(૨) કુર્આન અને સુન્નતનું જ્ઞાન, તકવા (અલ્લાહનો ડર અને સંયમ), દીનની ઊંડી સૂઝ-બૂઝ, પ્રમાણિકતા અને સચ્ચાઈ, વિવેક તેમજ સાચી અને યોગ્ય સલાહનું સામર્થ્ય, સંકલ્પ અને સતર્કતા, મામલાઓની સમજ અને નિર્ણયશક્તિ, સહનશીલતા અને ધૈર્ય, ઇસ્લામી આંદોલનના સ્વભાવની ઊંડી પરખ અને તેની સાથે નિષ્ઠા, જમાઅતના બંધારણની પ્રતિબદ્ધતા, અલ્લાહના માર્ગમાં મક્કમતા તેમજ સંબંધિત જવાબદારીઓ પૂરી કરવાના સંદર્ભે સમગ્રપણે જમાઅતમાં સૌથી શ્રેષ્ઠ હોય.

## – ચૂંટણી –

### કલમ–૨૪

(અ) અમીરે જમાઅતની ચૂંટણી પ્રતિનિધિ સભા કરશે.

(બ) અમીરે જમાઅતની ચૂંટણી સામાન્ય સંજોગોમાં અનિવાર્યપણે પ્રતિનિધિ સભાની સભામાં થશે અને કોઈ વ્યક્તિના અમીરે જમાઅત તરીકે ચૂંટાવા માટે જરૂરી હશે કે હાજર રહેલા સભ્યોમાં ૫૦%થી વધુ મત તેના પક્ષમાં હોય. લેખિત મત દ્વારા ચૂંટણી માત્ર અસામાન્ય સંજોગોમાં જ થઈ શકશે.

(ક) જરૂરી હશે કે પ્રત્યેક પ્રતિનિધિ સભા પોતાનો કાર્યકાળ શરૂ થવાના વધુમાં વધુ એક મહિનામાં અમીરની નવી ચૂંટણી કરી દે.

(ડ) એક જ વ્યક્તિને અધ્યક્ષપદ માટે વારંવાર ચૂંટી શકાય છે.

## કલમ–૨૫

જો અમીરની જગા અચાનક કોઈ કારણસર ખાલી થઈ જાય અને અમીરે જમાઅત એ સ્થિતિમાં હોય કે કોઈ વ્યક્તિને હંગામી ધોરણે અમીરે જમાઅત નિયુક્ત કરી દે તો તે એવું કરી દેશે, અન્યથા 'મર્કઝ' (કેન્દ્ર)માં મોજૂદ કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યો પરસ્પર વિચાર-વિમર્શથી પોતાનામાંથી કોઈને હંગામી અમીર તરીકે ચૂંટી કાઢશે, અને જો મર્કઝમાં કેન્દ્રીય સલાહકાર સમિતિનો એક જ સભ્ય હશે તો તે હંગામી રીતે અમીરની જવાબદારી સંભાળી લેશે. અન્ય સંજોગોમાં મર્કઝમાં મોજૂદ જમાઅતના સભ્યો બહુમતીથી હંગામી રીતે અમીરને ચૂંટી કાઢશે. અધ્યક્ષપદની આ હંગામી વ્યવસ્થા વધુમાં વધુ ચાર મહિના માટે હશે અને આ મુદત પૂરી થતાં પહેલાં એ જરૂરી હશે કે પ્રતિનિધિ સભા કલમ-૨૪(અ) અને (બ) અનુસાર અમીરની ચૂંટણી કરી લે. અધ્યક્ષપદની આ નવી ચૂંટણી હંગામી હશે, સિવાય એ કે પ્રતિનિધિ સભા જમાઅતના હિતો અને જરૂરતોને નજર સામે રાખીને આ ચૂંટણીને સ્થાયી કરવાનો નિર્ણય કરે.

## કલમ–૨૬

(અ) જો અમીરે જમાઅત માટે હંગામી રીતે પોતાની જવાબદારીઓથી સ્વયં મુક્ત થવું જરૂરી હોય અથવા તે જમાઅતના મર્કઝ (કેન્દ્ર)થી કોઈ જરૂરતને આધીન ગેરહાજર રહેતો હોય તો તેને અધિકાર છે કે તે આ મુદત માટે કોઈને પોતાનો 'કાયમ મકામ' (કાર્યકારી) નિયુક્ત કરી દે.

(બ) આ નિયુક્તિની મુદત એક વર્ષથી વધુ નહીં હોય અને ત્રણ માસથી વધુ હોવાની સ્થિતિમાં તે અંગે કેન્દ્રીય સલાહકાર સમિતિની પુષ્ટિ જરૂરી હશે.

**સમજૂતિઃ** કોઈ વ્યક્તિનો 'હંગામી અમીર' કે 'કાર્યકારી અમીર' હોવાનો અર્થ એ છે કે સ્થાયી અમીરના પાછા આવી જવાથી તે વ્યક્તિનું અધ્યક્ષપદ આપોઆપ સમાપ્ત થઈ જશે.

# – મુદત (કાર્યકાળ) –

## કલમ–૨૭

કોઈ અમીરે જમાઅત ત્યાં સુધી પોતાના હોદ્દા ઉપર યથાવત રહેશે, જ્યાં સુધી કલમ-૨૪(અ) અને (બ) કે કલમ-૨૫ મુજબ નવા અમીર અધ્યક્ષપદની જવાબદારી ન સંભાળી લે.

## – ફરજો અને અધિકારો –

**કલમ–૨૮**

અમીરે જમાઅતની ફરજો અને અધિકારો નીચે મુજબ રહેશે:

(૧) જમાઅતની શિસ્ત અને અનુશાસન તથા સંગઠનને ચલાવવાની અંતિમ જવાબદારી અમીરે જમાઅત ઉપર રહેશે.

(૨) (i) અમીરે જમાઅત પોતાની સહાયતા અર્થે કેન્દ્રીય સલાહકાર સમિતિની સલાહ-મસલતથી નાયબ અમીર/ નાયબ અમીરો (ઉપાધ્યક્ષ/ ઉપાધ્યક્ષો) નિયુક્ત કરી શકે છે.

(ii) નાયબ અમીર/ નાયબ અમીરો પોતાની ફરજો અને જવાબદારીઓને પૂરી કરવા અમીરે જમાઅત સમક્ષ ઉત્તરદાયી રહેશે.

(૩) જમાઅતની નીતિઓના નિર્ધારણ અને તે તમામ મહત્ત્વના મામલાઓનો નિર્ણય, જેનો જમાઅતની નીતિઓ કે તેની વ્યવસ્થા ઉપર ઉલ્લેખનીય પ્રભાવ પડતો હોય, અમીરે જમાઅત કેન્દ્રીય સલાહકાર સમિતિની સલાહ-મસલતથી કરશે.

(૪) અમીરે જમાઅત માટે અનિવાર્ય હશે કે:

(૧) અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અનુસરણ અને વફાદારીને પ્રત્યેક ચીજ ઉપર પ્રાથમિકતા આપે.

(૨) જમાઅતના ઉદ્દેશ્ય અને કાર્યપદ્ધતિને દિલ અને જાનથી સેવાને પોતાનું પ્રથમ કર્તવ્ય માને.

(૩) તે પોતાની જાત અને પોતાના અંગત ફાયદાઓ ઉપર જમાઅતના હિત અને તેના કામની જવાબદારીઓને પ્રાથમિકતા આપે.

(૪) જમાઅતના સભ્યો દરમ્યાન હંમેશ ન્યાય અને સમાનતા તથા સચ્ચાઈની સાથે ફેંસલો કરે.

(૫) જમાઅતની જે અમાનતો તેના હસ્તકમાં હોય તેની તે પૂરેપૂરી રક્ષા કરે.

(૬) આ બંધારણની પોતે પણ પ્રતિબદ્ધતા કરે અને તે અનુસાર જમાઅતની વ્યવસ્થાને કાયમ રાખવાનો પૂરો પ્રયત્ન કરે.

(૫) (અ) અમીરે જમાઅતના અધિકારો નીચે મુજબ રહેશે :

(૧) જો કોઈ અગત્યના મામલામાં તાત્કાલિક પગલાં લેવા અનિવાર્ય હોય અને કેન્દ્રીય સલાહકાર સમિતિના બધા સભ્યોથી લેખિત રીતે પણ

અભિપ્રાય લેવાનો અવકાશ ન હોય તો અમીરે જમાઅત કેન્દ્રીય સલાહકાર સમિતિના જે સભ્યોથી પણ તે વખતે સલાહ-મસલત કરી શકતા હોય તેની સલાહ-મસલતથી નિર્ણય લઈ કોઈ પગલું લઈ શકે છે. અલબત્ત, કેન્દ્રીય સલાહકાર સમિતિની સભા મળેથી અમીરે જમાઅત તેમાં આ નિર્ણયને બહાલી માટે રજૂ કરશે. (કલમ-૨૯ની સમજૂતી)

(૨) જમાઅતના તમામ વહીવટી મામલાઓને અંજામ આપવા.

(૩) જમાઅતના હિતમાં કેન્દ્રીય સલાહકાર સમિતિએ મૂકેલ પાબંદીઓ (જો કોઈ હોય તો)ના અંતર્ગત જમાઅતની મિલ્કતનો ઉપયોગ કરવો અને જમાઅત તરફથી સ્થાયી અને અસ્થાયી મિલ્કતની ખરીદ, વેચાણ, ફેર બદલ, આ મિલ્કતની ભેટ-બક્ષિસ કરવી કે તેને કોઈ અન્ય રીતે હસ્તાંતરણ કરવું.

(૪) જમાઅતમાં સભ્યોના પ્રવેશને મંજૂરી આપવી (કલમ-૭) અને જમાઅતમાંથી સભ્યોને બરતરફ કરવા. (કલમ-૬૯)

(૫) આવશ્યકતાનુસાર પ્રાદેશિક વ્યવસ્થા અને સંગઠનીય એકમો સ્થાપવા. (કલમ-૧૦ અને કલમ-૪૫ અ)

(૬) આવશ્યકતાનુસાર હંગામી અમીર કે કાયમ મકામ (કાર્યકારી) અમીર નિયુક્ત કરવા. (કલમ-૨૫, કલમ-૨૬ અ)

(૭) પ્રતિનિધિસભાની સામાન્ય અને અસામાન્ય બેઠકો બોલાવવી. (કલમ-૧૮અ, બ)

(૮) પ્રતિનિધિ સભાની બેઠકની અધ્યક્ષતા સંભાળવી. (કલમ-૧૮ ડ)

(૯) પ્રતિનિધિ સભામાં સરખા મતો હોય તો નિર્ણય કરવો. (કલમ-૨૦)

(૧૦) કેન્દ્રીય સલાહકાર સમિતિની સાધારણ અને અસાધારણ સભા બોલાવવી. (કલમ-૩૫ અ,બ, ક)

(૧૧) કેન્દ્રીય સલાહકાર સમિતિની સભાઓની અધ્યક્ષતા સંભાળવી. (કલમ-૩૫ ડ)

(૧૨) જો કેન્દ્રીય સલાહકાર સમિતિમાં કોઈ બાબતે સર્વસંમતિ ન થઈ શકે તો કેન્દ્રીય સલાહકાર સમિતિના એક તૃતિયાંશથી વધુ મતોથી ફેંસલો કરવો. (કલમ-૨૯ બ)

(૧૩) કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્ય ન હોય તેમને સભામાં ભાગ લેવાની પરવાનગી આપવી. (કલમ-૪૦)

(૧૪) કય્યિમે જમાઅત (મહામંત્રી) અને મહામંત્રીના સહયોગી કે સહયોગીઓની નિમણૂક અને તેમને સૂચનાઓ આપવી. (કલમ-૪૧, ૪૪)

(૧૫) હલ્કા (પ્રદેશ)ના અમીરો (અધ્યક્ષ)ની નિમણૂક અને તેમના કામોનું નિરીક્ષણ (કલમ-૪૬ અ,બ)

(૧૬) હલ્કાની સલાહકાર સમિતિઓના નિર્ણયોની પુષ્ટિ કરવી. (કલમ-૫૧)

(૧૭) સ્થાનિક જમાઅતોના અધ્યક્ષોની નિમણૂક કરવી. (કલમ-૫૩)

(૧૮) જમાઅતના હિતને ધ્યાનમાં રાખીને કોઈ બયતુલમાલ (નાણા ભંડોળ, કોષ)ને કેન્દ્રીય બયતુલમાલમાં સામેલ કરી દેવાનો નિર્ણય કરવો. (કલમ-૫૭ બ)

(૧૯) જે સ્થળે જમાઅતના એક-એક સભ્ય હોય, તેની ઝકાત વગેરેના સંદર્ભમાં યોગ્ય નિયમો બનાવવા. (સમજૂતી: કલમ-૫૮)

(૨૦) કેન્દ્રીય ભંડોળમાંથી જમાઅતના કાર્યો માટે રકમ ખર્ચ કરવી. (કલમ-૫૯)

(૨૧) હલ્કાના અમીરોના બયતુલમાલના ખર્ચ ઉપર નજર રાખવી. (કલમ-૬૧ બ)

(૨૨) બયતુલમાલ અંગે નિયમો અને કાયદાઓ તૈયાર કરવા. (કલમ-૬૩)

(૨૩) તમામ હોદ્દેદારોના રાજીનામા અંગે નિર્ણય કરવો. (કલમ-૬૫ અ)

(૨૪) કય્યિમે જમાઅત, હલ્કાના અધ્યક્ષ અને સ્થાનિક અધ્યક્ષની બરતરફી. (કલમ-૬૭)

(૨૫) જમાઅતના કામ પૂરાં કરવા કાર્યકરોની નિયુક્તિ કરવી, તેમની ફરજો અને જવાબદારીઓ નિર્ધારિત કરવી તેમજ તેમને છૂટા કરવા.

(૨૬) જમાઅતના સભ્યોના સભ્યપદને સ્થગિત (Suspend) કરવું. (કલમ-૬૯ બ)

(૨૭) આધીન જમાઅતોને બરતરફ કરવી કે તેનું વિસર્જન કરવું. (કલમ-૭૦)

(૨૮) પેટા નિયમો ઘડવા. (કલમ-૭૧)

(૨૯) પ્રતિનિધિ સભાની બેઠકમાં બંધારણ સંબંધે કોઈ સંશોધન કે સુધારા અંગેની દરખાસ્ત રજૂ કરવી. (કલમ-૭૪)

(બ) અમીરે જમાઅત આ અધિકારોનો જે રીતે પોતે ઉપયોગ કરી શકે છે તે જ રીતે પોતાના આધીન કાર્યકરોના માધ્યમથી પણ ઉપયોગ કરી શકે છે.

**સમજૂતી :** આ અધિકારો, જે રીતે સ્થાયી અમીરને પ્રાપ્ત હશે, તે જ રીતે અસ્થાયી અમીરને પણ પ્રાપ્ત હશે. અલબત્ત, કાયમ મુકામ (કાર્યકારી) અમીરને ફક્ત તે અધિકારો પ્રાપ્ત હશે, જે અધિકારો અમીર જમાઅત તેને સુપ્રત કર્યા હોય.

# ૩. મર્કઝી મજલિસે શૂરા (કેન્દ્રીય સલાહકાર સમિતિ)

## — હેસિયત —

### કલમ–૨૯

અમીરે જમાઅતની સહાયતા અને સલાહ-મસલત માટે એક કેન્દ્રીય સલાહકાર સમિતિ હશે, જેનાથી અમીરે જમાઅત તે તમામ અગત્યના મામલાઓમાં સલાહ-સૂચનો મેળવશે, જેનો જમાઅતની નીતિઓ અથવા તેની વ્યવસ્થા પર ઉલ્લેખનીય પ્રભાવ પડતો હોય.

**સમજૂતી :** જો કોઈ અગત્યના મામલામાં તાત્કાલિક પગલું ઉઠાવવું અનિવાર્ય હોય અને કેન્દ્રીય સલાહકાર સમિતિના તમામ સભ્યોથી લેખિત રીતે પણ અભિપ્રાય મેળવવાની તક ન હોય તો અમીરે જમાઅત કેન્દ્રીય સલાહકાર સમિતિના જે સભ્યોથી પણ સલાહ સૂચનો લઈ શકતા હોય તે સભ્યની સલાહ-મસલતથી નિર્ણય કરીને કોઈ પગલું લઈ શકે છે. અલબત્ત, કેન્દ્રીય સલાહકાર સમિતિની સભા મળતાં અમીરે જમાઅત તે સભામાં આ નિર્ણયને પુષ્ટિ માટે રજૂ કરશે.

## — રચના —

### કલમ–30

આ સમિતિના કુલ સભ્યોની સંખ્યા ૨૫ (પચ્ચીસ) રહેશે, જેમાંથી ૨૪ (ચોવીસ)ની ચૂંટણી પ્રતિનિધિ સભા પોતાના માંથી કરશે અને કય્યિમે જમાઅત હોદાની રૂએ પચ્ચીસમો સભ્ય રહેશે.

**સમજૂતી :** કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યો આ પ્રતિનિધિ સભાના પણ પહેલાની જેમ જ સભ્યો રહેશે, જેમાંથી તેમની ચૂંટણી થઈ હોય.

**કલમ–૩૧**

કેન્દ્રીય સલાહકાર સમિતિની ચૂંટણી પ્રત્યેક નવી પ્રતિનિધિ સભાનો કાર્યકાળ શરૂ થવાના વધુમાં વધુ બે મહિનામાં થઈ જવી જરૂરી છે.

## – સભ્યપદ માટેની ઇચ્છિત લાયકાત –

**કલમ–૩૨**

કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્ય પદ માટે કોઈને ચૂંટતી વખતે નીચે મુજબના ગુણોને ધ્યાનમાં રાખવામાં આવશે.

(૧) તે કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યપદ કે જમાઅતના અન્ય કોઈ હોદ્દાનો ઉમેદવાર કે ઇચ્છુક ન હોવો જોઈએ.

(૨) દીનની સમજ, તકવા (અલ્લાહનો ડર), પ્રમાણિકતા, દીર્ઘદૃષ્ટિ અને વિચાર-વિવેક તે જ સાચી અને યોગ્ય સલાહનું સામર્થ્ય, વાતના ઊંડાણમાં પહોંચીને કામ કરવું, ઇસ્લામી આંદોલનના સ્વભાવની ઓળખ અને તેની સાથે લગાવ, જમાઅતના બંધારણનું ચુસ્ત પાલન, ઉપરાંત અલ્લાહના માર્ગમાં દૃઢતા અને મક્કમતાની દૃષ્ટિએ સમગ્રપણે પ્રતિનિધિ સભાના સભ્યોમાં શ્રેષ્ઠ હોય.

## – મુદ્દત (કાર્યકાળ) –

**કલમ–૩૩**

દરેક કેન્દ્રીય સલાહકાર સમિતિ ત્યાં સુધી કાયમ રહેશે, જ્યાં સુધી કલમ-૩૦ અને કલમ-૩૧ અનુસાર નવી કેન્દ્રીય સલાહકાર સમિતિની રચના ન થઈ જાય.

**કલમ–૩૪**

જો કેન્દ્રીય સલાહકાર સમિતિની કોઈ જગ્યા હંગામી મુદત માટે ખાલી થઈ જાય તો તેની પૂર્તિ નિયમાનુસાર કરી લેવામાં આવશે, અને આ ચૂંટણી હંગામી રહેશે.

## — સભાઓ —

**કલમ – ૩૫**

(અ) કેન્દ્રીય સલાહકાર સમિતિની સભા સામાન્ય રીતે વર્ષમાં એક વખત થશે અને બે સભાઓ દરમ્યાન ૧૫ મહિનાથી વધુ અંતર નહીં હોય.

(બ) કેન્દ્રીય સલાહકાર સમિતિની અસાધારણ સભા અમીરે જમાઅત કોઈ પણ વખતે બોલાવી શકે છે.

(ક) કેન્દ્રીય સલાહકાર સમિતિના પાંચ સભ્યો જો અમીરે જમાઅતથી સભા બોલાવવાની લેખિત માગણી કરે તો પણ કેન્દ્રીય સલાહકાર સમિતિની સાધારણ સભા તાત્કાલિક બોલાવવી જરૂરી હશે.

(ડ) સભા વખતે અમીરે જમાઅત અને કય્યિમે જમાઅત સભાના પ્રમુખ અને સચિવ રહેશે.

## — કોરમ —

**કલમ – ૩૬**

કેન્દ્રીય સલાહકાર સમિતિ માટે કોરમ ૧૩ સભ્યો ઉપર આધારિત રહેશે. પરંતુ જો કોઈ સભા કોરમ પૂરૂં ન થવાના કારણે મુલત્વી કરવી પડે તો બીજી સભા માટે કોઈ કોરમ નહીં હોય.

## — કાર્યવાહી —

**કલમ – ૩૭**

કેન્દ્રીય સલાહકાર સમિતિની પ્રત્યેક સાધારણ સભામાં નીચે મુજબની બાબતો વિચાર-વિમર્શ અને નિર્ણય માટે પ્રસ્તુત કરવામાં આવશે:

(૧) જમાઅતનો વાર્ષિક અહેવાલ.

(૨) પાછલા વર્ષના બજેટના પ્રકાશમાં કેન્દ્રીય બયતુલમાલની આવક-જાવકનો અહેવાલ, જેની સાથે ઓડિટરનો રિપોર્ટ પણ સામેલ હશે.

(૩) આગામી વર્ષનું બજેટ.

(૪) જરૂર પડે તો જમાઅતનો આગામી કાર્યક્રમ.

(૫) જમાઅતની નીતિ-કાર્યક્રમ, વ્યવસ્થા અથવા જમાઅતની અન્ય બાબતો અંગે તે દરખાસ્તો, જે અમીરે જમાઅત કે કેન્દ્રીય સલાહકાર સમિતિના અન્ય કોઈ સભ્ય તરફથી રજૂ કરવામાં આવે.

**સમજૂતી :** જમાઅતની વ્યવસ્થા કે જમાઅતની અન્ય બાબતો, જેના ઉપર કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યો દરખાસ્ત રજૂ કરી શકે છે, તેનો તે ભાગ તેનાથી બાકાત રહેશે જે અમીરે જમાઅતના અધિકાર-ક્ષેત્રમાં આવે છે.

**નોંધઃ** જમાઅતના સભ્યોની કોઈ દરખાસ્તને જો અમીરે જમાઅત કે કેન્દ્રીય સલાહકાર સમિતિના કોઈ સભ્ય મહત્ત્વની સમજે તો તે પણ રજૂ થઈ શકે છે.

## કલમ–૩૮

જમાઅતના બંધારણ સંબંધે જો કોઈ દરખાસ્તો હોય તો કેન્દ્રીય સલાહકાર સમિતિની સભામા તેનાથી સંબંધિત ભલામણો તૈયાર કરવામાં આવશે, જેથી તેને પ્રતિનિધિ સભા સમક્ષ પ્રસ્તુત કરી શકાય.

# – નિર્ણયની પદ્ધતિ –

## કલમ–૩૯

(અ) કોશિશ કરવામાં આવશે કે કેન્દ્રીય સલાહકાર સમિતિના નિર્ણયો સર્વાનુમતે થાય.

(બ) જો કોઈ મામલામાં સર્વસંમતિ ન થઈ શકે અને મત આપનારા કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યોના એક તૃતીયાંશથી વધુ મત અમીરે જમાઅતના મત સાથે હોય તો અમીરે જમાઅત પોતાના મત મુજબ નિર્ણય કરી શકે છે, અન્યથા નિર્ણય મત આપનાર કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યોના બહુમતિ મત પ્રમાણે થશે..

(૨) પાયાની નીતિના ઘડતર અથવા તેમાં સુધારા કે ફેરફારથી સંબંધિત નિર્ણય માટે જરૂરી છે કે કાં તો હાજર રહેલા કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યોની ૩/૪ બહુમતી તેના પક્ષમાં હોય અથવા કેન્દ્રીય સલાહકાર સમિતિના અડધા સભ્યો અને અમીરે જમાઅત તેના પક્ષમાં હોય, અન્યથા આ મામલો વિવાદાસ્પદ ઠરશે અને પ્રતિનિધિ સભા દ્વારા નક્કી થશે.

## — સભ્ય ન હોય તેમની સભામાં હાજરી —

**કલમ–૪૦**

અમીરે જમાઅત જો જરૂરી સમજે તો કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્ય ન હોય તેને પણ કેન્દ્રીય સલાહકાર સમિતિની સભામાં હાજર રહેવાનું આમંત્રણ આપી શકે છે, અલબત્ત તેમને મત આપવાનો અધિકાર નહીં હોય.

# ૪. કય્યિમે જમાઅત (મહામંત્રી)

## — નિમણૂક —

**કલમ–૪૧**

(૧) જમાઅતે ઈસ્લામી હિંદનો એક કય્યિમ (મહામંત્રી) હશે, જેની નિમણૂક, અમીરે જમાઅત કરશે. આ નિમણૂક સંદર્ભે અમીરે જમાઅત કેન્દ્રીય સલાહકાર સમિતિના અભિપ્રાયને પણ નજર સમક્ષ રાખશે.

(૨) (અ) કય્યિમે જમાઅતની સહાયતા માટે અમીરે જમાઅત કય્યિમના સહાયક/ સહાયકો કેન્દ્રીય સલાહકાર સમિતિની સલાહ-મસલતથી નિયુક્ત કરી શકાશે.

(બ) સહાયક કય્યિમ/સહાયક કય્યિમો પોતાની ફરજો અને જવાબદારીઓ માટે કય્યિમે જમાઅત સમક્ષ ઉત્તરદાયી રહેશે.

## — સચિવપદ માટે અપેક્ષિત લાયકાત —

**કલમ–૪૨**

કય્યિમે જમાઅતની નિમણૂકમાં નીચે મુજબના ગુણો અને લાયકાતોને ધ્યાનમાં રાખવામાં આવશે:

(૧) તે મહામંત્રી પદ કે જમાઅતના અન્ય કોઈ હોદ્દા માટે ઉમેદવાર કે ઈચ્છુક ન હોવો જોઈએ.

(૨) દીનની સમજ, તકવા (અલ્લાહનો ડર), પ્રમાણિકતા, ચિંતન તેમજ સાચી અને યોગ્ય સલાહના સામર્થ્ય, વાતના ઊંડાણમાં પહોંચીને કામ કરવું, નિર્ણયશક્તિ, દીર્ઘદ્રષ્ટિ અને વિચાર-વિવેક, ઈસ્લામી આંદોલનના સ્વભાવની ઓળખ અને તેની સાથે લગાવ, જમાઅતના બંધારણનું ચુસ્ત પાલન, ઉપરાંત

અલ્લાહના માર્ગમાં દઢતા અને વહીવટી યોગ્યતાની દ્રષ્ટિએ સમગ્રપણે જમાઅતના અન્ય સભ્યોમાં શ્રેષ્ઠ હોય.

## — ફરજો —

### કલમ—૪૩

કય્યિમે જમાઅતની ફરજો નીચે મુજબ રહેશે:

(૧) તે જમાઅતના તમામ કેન્દ્રીય વિભાગોની વ્યવસ્થા અને અનુશાસનની દેખરેખ રાખશે.

(૨) તે જમાઅતની સામાન્ય વ્યવસ્થાને ઠીકઠાક રીતે કાયમ રાખશે.

(૩) તમામ સંગઠનીય ક્ષેત્રોથી સંપર્કો અને તેમના ઉપર નજર રાખશે તથા પરિસ્થિતિ અનુસાર તેઓને માર્ગદર્શન આપતો રહેશે.

### કલમ—૪૪

કય્યિમે જમાઅત પોતાની ફરજ ઉપરોક્ત કલમ-૪૩ મુજબ અમીરે જમાઅતની સૂચના હેઠળ અદા કરશે અને તે અન્વયે તે અમીરે જમાઅત સમક્ષ જવાબદાર રહેશે.

# પ્રાદેશિક વ્યવસ્થા

## — સંગઠનાત્મક ક્ષેત્ર —

### કલમ—૪૫

(અ) જમાઅતની વ્યવસ્થા માટે અમીરે જમાઅત સંગઠનાત્મક ક્ષેત્રોની રચના કરશે અને તે સંદર્ભમાં તે કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યોના સલાહ-સૂચનોને પણ ધ્યાનમાં રાખશે.

(બ) પ્રત્યેક સંગઠનાત્મક ક્ષેત્રની વ્યવસ્થા, અમીરે હલ્કા (પ્રાદેશિક અધ્યક્ષ) અને પ્રદેશની સલાહકાર સમિતિ ઉપર આધારિત રહેશે.

## — અમીરે હલ્કા (પ્રાદેશિક અધ્યક્ષ) —

### કલમ–૪૯

(અ) પ્રત્યેક પ્રદેશ સંગઠનનો એક અમીર (અધ્યક્ષ) હશે, જેની નિમણૂક અમીરે જમાઅત પ્રદેશની સલાહકાર સમિતિ સાથે સલાહ-મસલત કર્યા પછી કરશે અને આ નિમણૂક માટે પ્રદેશના સભ્યોના અભિપ્રાય અને જમાઅતના હિતોને પણ નજર સમક્ષ રાખશે તેમજ આ હેતુ માટે જરૂરત પડે તો ખુદ અમીરે જમાઅત તરફથી પણ કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના નામ સભ્યો સમક્ષ મૂકવામાં આવી શકે છે.

(બ) અમીરે હલ્કા કેન્દ્રના માર્ગદર્શન હેઠળ પોતાના ક્ષેત્રની જમાઅતની વ્યવસ્થા અને અનુશાસન તેમજ ક્ષેત્રના સભ્યોને પ્રશિક્ષણ અને માર્ગદર્શનનો જવાબદાર રહેશે તથા આ તમામ બાબતોમાં અમીરે જમાઅત સમક્ષ ઉત્તરદાયી રહેશે.

(ક) અમીરે હલ્કા પોતાની જવાબદારીઓને પોતાના સહાયકો દ્વારા પણ પૂરી કરી શકશે.

## — અમીરે હલ્કા માટે અપેક્ષિત લાયકાત —

### કલમ–૪૭

અમીરે હલ્કાની ચૂંટણીમાં નીચે મુજબના ગુણોને ધ્યાનમાં રાખવામાં આવશે:

(૧) તે પ્રદેશના અધ્યક્ષપદ કે જમાઅતના કોઈ અન્ય હોદ્દા માટે ઉમેદવાર કે ઇચ્છુક ન હોવો જોઈએ.

(૨) દીનનું જ્ઞાન, તકવા (અલ્લાહનો ડર), પ્રમાણિકતા અને સચ્ચાઈ, વાતના ઊંડાણમાં પહોંચીને કામ કરવું, દીર્ઘદ્રષ્ટિ અને વિચાર-વિવેક, ઇસ્લામી આંદોલનના સ્વભાવની ઓળખ અને તેની સાથે લગાવ, જમાઅતના બંધારણનું ચુસ્ત પાલન, દા'વત સંઘર્ષ અને અલ્લાહના માર્ગમાં દૃઢતા અને મક્કમતા તેમજ વહીવટી યોગ્યતાની દૃષ્ટિએ સમગ્રપણે પ્રદેશના જમાઅતના સભ્યો કરતાં શ્રેષ્ઠ હોય.

## – પ્રાદેશિક સલાહકાર સમિતિ –

### કલમ–૪૮

(અ) પ્રત્યેક અમીરે હલ્કા માટે પ્રદેશની એક સલાહકાર સમિતિ હશે.
(બ) પ્રાદેશિક સલાહકાર સમિતિના સભ્યોની સંખ્યા અમીરે હલ્કા નક્કી કરશે.
(ક) પ્રાદેશિક સલાહકાર સમિતિના સભ્યોની ચૂંટણી પ્રદેશના સભ્યો કરશે.
(ડ) પ્રાદેશિક સલાહકાર સમિતિની ચૂંટણી ચાર વર્ષ માટે રહેશે.

### કલમ–૪૯

પ્રાદેશિક સલાહકાર સમિતિના સભ્યપદ માટે કોઈને ચૂંટવામાં નીચે મુજબના ગુણો અને લાયકાતને ધ્યાનમાં રાખવામાં આવશે:

(૧) તે પ્રાદેશિક સલાહકાર સમિતિના સભ્યપદનો અથવા જમાઅતના અન્ય કોઈ હોદ્દાનો ઉમેદવાર કે ઇચ્છુક ન હોવો જોઈએ.
(૨) દીનની સમજ, તકવા (અલ્લાહનો ડર), પ્રમાણિકતા, ચિંતન તેમજ સાચી અને યોગ્ય સલાહના સામર્થ્ય, વાતના ઊંડાણમાં પહોંચીને કામ કરવું, ઈસ્લામી આંદોલનના સ્વભાવની ઓળખ અને તેની સાથે લગાવ, જમાઅત બંધારણનું ચુસ્ત પાલન અને અલ્લાહના માર્ગમાં દ્રઢતાની દૃષ્ટિએ સમગ્રપણે પ્રદેશની જમાઅતના સભ્યોમાં શ્રેષ્ઠ હોય.

### કલમ–૫૦

(૧) અમીરે હલ્કા તમામ અગત્યના મામલાઓમાં પોતાની પ્રાદેશિક સલાહકાર સમિતિ સાથે સલાહ-મસલત કરશે.
(૨) પ્રાદેશિક સલાહકાર સમિતિની સભા વર્ષમાં સામાન્ય રીતે બે વખત યોજાશે અને બે સભાઓ દરમ્યાન આઠ મહિનાંથી વધુ ગાળો નહીં હોય.
(૩) પ્રાદેશિક સલાહકાર સમિતિની અસાધારણ સભા અમીરે હલ્કા કોઈ પણ સમયે બોલાવી શકે છે. ઉપરાંત, સમિતિના અડધા સભ્યો જો અમીરે હલ્કાથી લેખિત માગણી કરે તો સમિતિની સાધારણ સભા બને તેટલી જલ્દી બોલાવવી જરૂરી રહેશે.
(૪) પ્રાદેશિક સલાહકાર સમિતિની સભાનું કોરમ સમિતિની કુલ સભ્ય-સંખ્યાના ૬૦% ઉપર આધારિત રહેશે. પરંતુ જો કોઈ સભા કોરમ પૂરૂં ન થવાને કારણે

મુલત્વી કરવી પડે તો બીજી સભા માટે કોઈ કોરમ નહીં હોય.

(૫) પ્રાદેશિક સલાહકાર સમિતિની સભા વખતે અમીરે હલ્કા તેનો અધ્યક્ષ રહેશે.

(૬) પ્રાદેશિક સલાહકાર સમિતિ વાર્ષિક સભામાં નીચે મુજબની બાબતો વિચાર-વિમર્શ અને નિર્ણય માટે પ્રસ્તુત કરવામાં આવશેઃ

(૧) વાર્ષિક અહેવાલ.

(૨) પાછળના વર્ષના બજેટના પ્રકાશમાં હલ્કાના બયતુલમાલની આવક-જાવકનો અહેવાલ, જેની સાથે ઓડિટરનો રિપોર્ટ પણ સામેલ રહેશે.

(૩) આગામી વર્ષનું બજેટ.

(૭) સર્વસંમતિ ન સાધવાની સ્થિતિમાં બહુમતીથી નિર્ણય લેવામાં આવશે, અને મત ગણતરી વખતે અધ્યક્ષનો મત પણ એક મત ગણાશે. અલબત્ત મતો સરખા હોવાની સ્થિતિમાં નિર્ણય એ મતો મુજબ થશે જેમાં અધ્યક્ષ (અમીરે હલ્કા)નો મત સામેલ હોય.

### કલમ–૫૧

અમીરે હલ્કા જરૂરી વિગતોની સાથે પ્રાદેશિક સલાહકાર સમિતિના નિર્ણયો પંદર દિવસમાં અમીરે જમાઅતને બહાલી માટે મોકલશે. પરંતુ જો ક્યારેક પ્રાદેશિક સલાહકાર સમિતિનો અભિપ્રાય એ હોય કે કોઈ ખાસ મામલામાં તેના નિર્ણય અનુસાર તાત્કાલિક પગલું ઉઠાવવું અનિવાર્ય છે તો બહાલી મળી જાય તે પહેલાં પણ અમીરે હલ્કા પગલું ઉઠાવી શકે છે.

## સ્થાનિક વ્યવસ્થા

### – સ્થાનિક જમાઅત –

### કલમ–પર

જે સ્થળે જમાઅત એકથી વધુ સભ્યો (અરકાન) હોય, ત્યાં સ્થાનિક જમાઅતની સ્થાપના કરવામાં આવશે. પરંતુ જો કોઈ સ્થાન ઉપર એક જ રુકન (સભ્ય હોય તો તેનો સંબંધ સીધો પોતાના હલ્કા (ક્ષેત્ર કે પ્રદેશ)ના અમીર સાથે હશે અને તેના માર્ગદર્શન અનુસાર તે કામ કરશે.

## – સ્થાનિક અમીર (અધ્યક્ષ) –

### કલમ–૫૩

પ્રત્યેક સ્થાનિક જમાઅતનો એક અધ્યક્ષ હશે, જેની નિયુક્તિ અમીરે જમાઅત, જમાઅતના હિતોને ધ્યાનમાં રાખીને સ્થાનિક અરકાન (સભ્યો) સાથે પરામર્શ અને અમીરે હલ્કા (પ્રદેશ અધ્યક્ષ)ના અભિપ્રાયને દૃષ્ટિ સમક્ષ રાખીને કરશે.

### કલમ–૫૪

સ્થાનિક અમીર અમીરે હલ્કાના માર્ગદર્શન હેઠળ પોતાની જમાઅતના અનુશાસન અને વ્યવસ્થા તેમજ પોતાના અરકાન (સભ્યો)ના પ્રશિક્ષણ અને દોરવણી માટે જવાબદાર હશે, તથા જમાઅતના કામો સ્થાનિક જમાઅતના સભ્યો સાથે મસલતથી કરશે. અલબત્ત, જો કોઈ સ્થળે સભ્યોની સંખ્યા ૨૦ (વીસ)થી વધુ હોય તો સ્થાનિક સલાહકાર સમિતિની પણ સ્થાપના કરી શકાશે.

## – અધ્યક્ષપદ માટે અપેક્ષિત ગુણ –

### કલમ–૫૫

સ્થાનિક અમીર (અધ્યક્ષ)ની ચૂંટણીમાં નીચે દર્શાવેલ ગુણોને ધ્યાનમાં રાખવામાં આવશે:

(૧) તે સ્થાનિક અધ્યક્ષપદ કે જમાઅતના કોઈ અન્ય હોદ્દા માટેનો ઉમેદવાર કે ઈચ્છુક ન હોવો જોઈએ.

(૨) તકવા (અલ્લાહનો ડર), દીનનું જ્ઞાન, મામલાઓની સમજ, સહિષ્ણુતા, ઈસ્લામી આંદોલનના સ્વભાવની ઓળખ અને તેની સાથે લગાવ, જમાઅતના બંધારણનું ચુસ્ત પાલન, દા'વતી સંઘર્ષ અને અલ્લાહના માર્ગમાં દૃઢતા અને મક્કમતા તેમજ વહીવટી યોગ્યતાની દૃષ્ટિએ સમગ્રપણે સ્થાનિક જમાઅતના સભ્યો કરતાં શ્રેષ્ઠ હોય.

## — સ્થાનિક અમીર અને અમીરે હલકા (પ્રદેશ અધ્યક્ષ) દરમ્યાન પારસ્પરિક સંબંધ —

**કલમ—પ૯**

સ્થાનિક અમીર પોતાનાથી સંબંધિત કર્તવ્યો અને ફરજો સંદર્ભે અમીરે હલકા સમક્ષ ઉત્તરદાયી રહેશે.

# ભાગ–૪

## નાણાકીય વ્યવસ્થા

## – બયતુલમાલ (ભંડોળ) –

**કલમ–૫૭**

(અ) પ્રત્યેક સ્થાનિક જમાઅત માટે સ્થાનિક બયતુલમાલ, પ્રત્યેક હલ્કા (પ્રદેશ) માટે હલ્કાનું બયતુલમાલ અને જમાઅતના મર્કઝ (કેન્દ્ર)માં મર્કઝી (કેન્દ્રીય) બયતુલમાલની સ્થાપના કરવામાં આવશે.

(બ) અમીરે જમાઅતને અધિકાર હશે કે જો જમાઅતના હિતમાં તે જરૂરત અનુભવે તો કોઈ પણ સ્થાનિક બયતુલમાલના વિલય હલ્કા કે મર્કઝના બયતુલમાલમાં કરી દે.

**કલમ–૫૮**

જમાઅતના અરકાન (સભ્યો) પોતાની ઝકાત અને ઉશ્ર (ખેત-પેદાશનો નિશ્ચિત ભાગ) નિયમાનુસાર જમાઅતના સ્થાનિક બયતુલમાલમાં જમા કરાવશે.

સમજૂતિ : મુન્ફરિદ (જયાં એક જ રુક્ન હોય તે) રુક્ન (સભ્ય)ની ઝકાત અને ઉશ્રના સંદર્ભે અમીરે જમાઅત ઉચિત નિયમ બનાવશે.

## — કેન્દ્રીય (મર્કઝી) બયતુલમાલ —

**કલમ–૫૯**

કેન્દ્રીય બયતુલમાલ અમીરે જમાઅતના આધીન હશે, જેનાથી તે સ્વીકૃત અને પસાર થયેલ બજેટ અનુસાર નિર્ધારિત મદો (વિભાગો)માં ખર્ચ કરશે.

સમજૂતિ : અમીરે જમાઅતને બજેટના એક વિભાગથી બીજા વિભાગમાં રકમો લઈ જવાની અને અસામાન્ય પરિસ્થિતિમાં અનપેક્ષિત ઊભી થયેલ આવશ્યક જરૂરતો માટે પસાર થયેલ બજેટ ઉપરાંત રકમોને ખર્ચ કરવાનો પણ કલમ-૨૯ માં ઉલ્લેખ કરેલ શરતો અનુસાર અધિકાર પ્રાપ્ત હશે.

**કલમ–૬૦**

કેન્દ્રીય બયતુલમાલના હિસાબોની તપાસ કે નિરીક્ષણ દર વર્ષે કોઈ ઓડિટર પાસે કરાવવામાં આવશે, જેની નિમણૂક કેન્દ્રીય સલાહકાર સમિતિ કરશે અને ઓડિટરનો અહેવાલ કેન્દ્રીય સલાહકાર સમિતિની સભામાં રજૂ કરવામાં આવશે.

## — પ્રાદેશિક (હલ્કાનું) બયતુલમાલ —

**કલમ–૬૧**

(અ) પ્રત્યેક હલ્કાનું બયતુલમાલ તેના અમીરના આધીન હશે, જેમાંથી પોતાના હલ્કાની સલાહકાર સમિતિની સલાહ-મસલતથી નિર્ધારિત વિભાગોમાં ખર્ચ કરશે.

(બ) પ્રત્યેક અમીરે હલ્કા પોતાના હલ્કાના બયતુલમાલની આવક અને ખર્ચના સંદર્ભમાં અમીરે જમાઅત સમક્ષ ઉત્તરદાયી રહેશે.

(ક) હલ્કાના બયતુલમાલના હિસાબોની તપાસ અને નિરીક્ષણ દર વર્ષે ઓડિટર દ્વારા કરાવવામાં આવશે, જેની નિમણૂક હલ્કાની સલાહકાર સમિતિ કરશે.

## — સ્થાનિક બયતુલમાલ —

**કલમ—૯૨**

(અ) પ્રત્યેક સ્થાનિક બયતુલમાલ સ્થાનિક અમીરના આધીન હશે, જેનાથી તે સ્થાનિક અરકાન (સભ્યો)ની સલાહ-મસલતથી નિર્ધારિત વિભાગોમાં ખર્ચ કરશે.

(બ) પ્રત્યેક સ્થાનિક અમીર પોતાના બયતુલમાલની આવક અને ખર્ચના સંદર્ભે અમીરે હલ્કા સમક્ષ ઉત્તરદાયી રહેશે.

## — બયતુલમાલની વ્યવસ્થા —

**કલમ—૯૩**

બયતુલમાલો (ભંડોળો)ના સંદર્ભે નિયમો અને કાયદાઓ અમીરે જમાઅત ઘડશે.

# ભાગ–૫
# પ્રકીર્ણ

## – ખાલી બેઠકો –

**કલમ–૬૪**

પ્રતિનિધિ સભા, કેન્દ્રીય સલાહકાર સમિતિ અથવા પ્રાદેશિક સલાહકાર સમિતિમાંથી કોઈનું કોઈ સ્થાન ખાલી થઈ જાય તો ત્રણ માસમાં તે સ્થાનને નિયમાનુસાર ભરવાનું જરૂરી રહેશે, સિવાય કે આ સ્થાન સત્રના અંતિમ છ માસમાં ખાલી થયું હોય.

## – રાજીનામું –

**કલમ–૬૫**

(અ) અમીરે જમાઅત સિવાય જો કોઈ અન્ય પદાધિકારીઓ પોતાના પદથી રાજીનામું આપે તો તેના રાજીનામા અંગે નિર્ણય કરવાનો અધિકાર અમીરે જમાઅતને પ્રાપ્ત હશે.

(બ) અમીરે જમાઅતના રાજીનામા અંગે નિર્ણય કરવાનો અધિકાર પ્રતિનિધિ સભાને પ્રાપ્ત હશે.

(ક) પોતાના પદથી રાજીનામું આપવા છતાં રાજીનામું આપનાર વ્યક્તિ તે

સમય સુધી પોતાના પદ પર કાયમ રહેશે જ્યાં સુધી તેનું રાજીનામુ મંજૂર ન થઈ જાય.

**કલમ–૬૬**

જો જમાઅતનો કોઈ રુક્ન (સભ્ય), જમાઅતના સભ્યપદેથી રાજીનામું આપી દે તો તેને પોતાના રાજીનામા ઉપર પુનર્વિચાર માટે વધુમાં વધુ એક માસની મુદત આપી શકાય છે.

## – પદચ્યુત કરવું (હોદ્દા પરથી દૂર કરવું) –

**કલમ–૬૭**

કોઈ પદાધિકારીને તેનો હોદ્દા પરથી દૂર કરવાનો અધિકાર તે વ્યક્તિને અથવા તે વ્યક્તિઓને પ્રાપ્ત હશે, જેને તે હોદ્દા માટે કોઈ વ્યક્તિની નિમણૂક કરવાનો અથવા તેની ચૂંટણીનો અધિકાર પ્રાપ્ત હશે. હોદ્દા ઉપરથી દૂર કરવાની કાર્યવાહી બરોબર તે પદ્ધતિથી પૂરી કરવામાં આવશે, જે પદ્ધતિનો તેની ચૂંટણી અથવા નિયુક્તિ માટે બંધારણમાં ઉલ્લેખ કરેલ છે.

## – બરતરફ (Dismissal) –

**કલમ–૬૮**

જમાઅતનો કોઈ રુક્ન (સભ્ય) જમાઅતમાંથી માત્ર એ જ સ્થિતિમાં બરતરફ થઈ શકશે જ્યારે કે :

(૧) તે આ બંધારણની કલમ-૬ની પોતાના કથનથી અથવા વ્યવહારથી અવહેલના કરે, અથવા

(૨) કલમ-૮ના કોઈ ભાગનો નિયમભંગ કરે અને આ નિયમભંગથી અટકે નહીં, અથવા

(૩) જમાઅતની નિર્ધારિત નીતિની અવહેલના કરે, અથવા

(૪) એવું વલણ અપનાવે, જે જમાઅતની શિસ્ત અથવા તેની નૈતિક અને દીની હેસિયતને નુકસાન પહોંચાડવાવાળું હોય, અથવા

(૫) તેના વર્તન-વ્યવહારથી જાહેર થાય કે તેને હવે જમાઅતના કામથી કોઈ રસ

બાકી રહ્યો નથી, અથવા

(૬) તે ભારતીય સંઘની નાગરિકતા ત્યાગી દે.

**કલમ–૬૯**

(અ) જમાઅત કોઈ રુક્ન (સભ્ય)ને જમાઅતથી બરતરફ કરતાં પહેલાં તેને બરતરફ કરવાના કારણોથી સૂચિત કરીને પોતાનો ખુલાસો પ્રસ્તુત કરવા બે મહિનાની તક આપવામાં આવશે.

(બ) જમાઅતમાંથી બરતરફ કરવા અંગેના નિર્ણયથી પહેલાં જો જરૂરત લાગે તો અમીરે જમાઅત તેને સસ્પેન્ડ પણ કરી શકે છે, તેમજ જો પરિસ્થિતિ જોતાં અમીરે હલ્કા જમાઅતના તે રુક્ન (સભ્ય)ને તત્કાળ સસ્પેન્ડ કરવું અનિવાર્ય સમજે તો તેને પણ અમીરે જમાઅતના નિર્ણય સુધી સભ્યપદેથી સસ્પેન્ડ કરવાનો અધિકાર પ્રાપ્ત હશે.

## — જમાઅત ને સ્થગિત (Suspend) કરવી —

**કલમ–૭૦**

જો જમાઅતની આવશ્યકતાઓ અને તેના હિતો કાજે અપેક્ષિત હોય તો અમીરે જમાઅતને કોઈ પણ આધીન જમાઅતને સસ્પેન્ડ કરવાનો અથવા ભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત હશે, તેમજ આ સંદર્ભમાં કેન્દ્રીય સલાહકાર સમિતિના જે સભ્યોથી તત્કાળ પરામર્શ કરવું શક્ય હોય અમીરે જમાઅત તેમનાથી પરામર્શ પણ કરશે.

## — નિયમો બનાવવાનો અધિકાર —

**કલમ–૭૧**

આ બંધારણના હેતુઓને સિદ્ધ કરવા અને દા'વતી કામોને વ્યવસ્થિત કરવા માટે જે પેટાનિયમોની જરૂરત પડે, તે અમીરે જમાઅત ઘડશે, આ સંબંધે તે કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્યોથી સલાહ-મસ્લત પણ કરશે અને શક્ય-હદે તેના સલાહ-સૂચનોને ધ્યાનમાં રાખશે.

## – બંધારણનું અર્થઘટન –

**કલમ–૭૨**

આ બંધારણના અર્થઘટનમાં જો કોઈ મતભેદ ઊભો થાય તો તેનો નિર્ણય કેન્દ્રીય સલાહકાર સમિતિની સભા કરશે.

## – બંધારણમાં ફેરફાર –

**કલમ–૭૩**

જમાઅતના બંધારણમાં સુધારા-વધારાથી સંબંધિત જે પ્રસ્તાવો અમીરે જમાઅત અથવા કેન્દ્રીય સલાહકાર સમિતિના કોઈ સભ્ય દ્વારા રજૂ થાય અને જમાઅતના અરકાન (સભ્યો)ના જે પ્રસ્તાવો અમીરે જમાઅત અથવા કેન્દ્રીય સલાહકાર સમિતિના કોઈ સભ્યના સમીપ વિચારણીય હોય તો કેન્દ્રીય સલાહકાર સમિતિ તેના વિશે ભલામણો તૈયાર કરશે અને નિર્ણય પ્રતિનિધિ સભા કરશે.

**કલમ–૭૪**

જો અમીરે જમાઅત અથવા પ્રતિનિધિ સભાના ૧૫ (પંદર) હાજર સભ્યો બંધારણમાં કોઈ સુધારો કરવાના પ્રસ્તાવ ઉપર વિચાર કરવાના પક્ષમાં હોય તો તેવો પ્રસ્તાવ કલમ-૭૩ની પાબંદી વગર પ્રતિનિધિ સભાની બેઠકમાં વિચાર અને નિર્ણય માટે રજૂ થઈ શકશે.

**કલમ–૭૫**

જમાઅતના બંધારણમાં જે સુધારા વિશે કેન્દ્રીય સલાહકાર સમિતિનો એ અભિપ્રાય હોય કે તેની હેસિયત આંશિક અથવા શાબ્દિક સંશોધનની છે તો તેના સંબંધે પ્રતિનિધિ સભાના સભ્યોનો લેખિત અભિપ્રાય મેળવીને પણ નિર્ણય કરી શકાય છે.